Monday
05.09.2022
*Volume :7 * Issue No.34
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalam gujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

KAMALAM Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R-13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં નવા વાડજખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્માર્ટશાળાઓ નું ઉદઘાટ્ન કર્યુ



કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદમાં નવા વાડજ ખાતે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની સ્માર્ટ શાળાઓનું ઉદઘાટન કર્યુ હતું. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીએ જણાવ્યું હતું કે, નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ અંતર્ગત આજે તેમનાં સંસદીય ક્ષેત્રમાં આશરે ૯.૫૪ કરોડ રૂપિયાના ખર્ચે ચાર સ્માર્ટ શાળાઓ ખોલવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લાવવામાં આવેલી નવી શિક્ષણ નીતિનો આજથી ગુજરાતનાં પ્રાથમિક શિક્ષણમાં પ્રારંભ થવા જઇ રહ્યો છે અને ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો નવો અધ્યાય શરૂ થઇ રહ્યો છે. અમદાવાદ શહેરમાં ૨૨ સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવી છે, જેમાંથી આજે ૪ સ્કૂલનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આજે જે ચાર શાળાઓનું લોકાર્પણ થયું છે તેનો લાભ ૩૨૦૦થી વધુ બાળકોને મળશે. શ્રી શાહે જણાવ્યું હતું કે, તેઓ નવી શાળાઓનાં બાળકોને મળીને આવ્યા અને તેમણે બાળકોના ચહેરા પર જે આનંદ જોયો છે તે આનંદ સંતોષની અનુભૂતિ કરાવનારો છે. તેમણે જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો છે અને તે મુજબ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ આ સ્માર્ટ શાળાઓ શરૂ કરી છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ગુજરાતમાં છેલ્લાં ૨૦ વર્ષમાં પહેલા મુખ્યમંત્રી તરીકે અને હવે દેશના પ્રધાનમંત્રી તરીકે સીધું શ્રી નરેન્દ્ર મોદીજીની દેખરેખ હેઠળ રાજ્યના વિકાસનું કાર્ય ચાલી રહ્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોદીજીની તમામ કાર્ય યોજનાઓને જમીન પર લાવવાનો પ્રયાસ કર્યો છે અને વિકાસની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં મોડેલ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે. ચૂંટણી નજીક આવી રહી છે, આવી સ્થિતિમાંબે પ્રકારના લોકો જોવા મળે છે, એક જે પાંચ વર્ષ સુધી પરસેવો વહાવીને લોકોની વચ્ચે જનસેવા કરીને રાજકીય પક્ષનાં માધ્ય મથી ચૂંટણી લડનારા અને બીજા પાંચ મહિના પહેલા નવી વેશભૂષા ધારણ કરીને લોકો વચ્ચે જઇને મોટા મોટા વાયદાઓ કરનારા, પરંતુ ગુજરાતની જનતા આ કાર્ય સંસ્કૃતિને સારી રીતે ઓળખે છે.

પહેલા ગુજરાતમાં રોજેરોજ રમખાણો અને કોમી હુલ્લડ થતા હતા, રથયાત્રા રોકવી પડતી હતી. એક વર્ષમાં ૨૦૦ દિવસ કર્ફ્યુ રહેતો હતો અને ધંધા રોજગાર બંધ થઈ જતા હતા. જ્યારે શ્રી નરેન્દ્ર મોદીજી રાજ્યના મુખ્યમંત્રી બન્યા હતા ત્યારે ગુજરાતમાં કર્ફ્યૂ ભૂતકાળ બની ગયો હતો. શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં ગુજરાત સરકારે રાજ્યની કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને સમગ્ર દેશમાં આદર્શ કાયદો અને વ્યવસ્થા તરીકે પ્રસ્થાપિત કરી હતી. શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર રચાયા બાદ દેશમાં સૌ પ્રથમ ૨૪ કલાક વીજળી પહોંચાડવાનું કામ થયું હતું. જંગલ વિસ્તાર હોય, પહાડો હોય, દરિયાકિનારાનો વિસ્તાર હોય કે પછી ગ્રામીણ અને શહેરી વિસ્તાર હોય, શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં સરકારે દરેક જગ્યાએ વિકાસનો અનુભવ અને સ્પર્શ કરાવવાનું કામ કર્યું છે.

શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, અગાઉ ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ઘણો ઊંચો હતો અને તેમાં પ્રવેશ મેળવનાર ઘણાં બાળકો શાળા છોડી દેતાં હતાં. શ્રી નરેન્દ્ર મોદીજીએ એક નવી શરૂઆત કરી અને સમગ્ર ગુજરાતમાં કન્યા કેળવણીનાં નામે પ્રવેશોત્સવનો કાર્યક્રમ શરૂ કર્યો. મુખ્યમંત્રીથી લઈને તલાટી સુધી દરેક અધિકારી ઘરે ઘરેથી બાળકોને પ્રાથમિક શાળા સુધી લઈ આવ્યા, જનજાગૃતિ ફેલાવવામાં આવી અને ભારતમાં સૌ પ્રથમ ૧૦૦ ટકા નોંધણી ગુજરાતમાં કરવામાં આવી અને ૧૦૦ ટકા બાળકો શાળાએ જવા લાગ્યા. ત્યાર બાદ ગુણોત્સવ શરૂ થયો, ત્યારબાદ શિક્ષકોની તાલીમ વર્ગ શરૂ થયો અને આજે સ્માર્ટ સ્કૂલ શરૂ થઈ ગઈ છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં સાર્વજનિક પ્રાથમિક શિક્ષણમાં જો કોઈ રાજ્યનું મોડેલ જોવું હોય તો ગુજરાત આવો અને જુઓ કે ગામ, શહેર, ગરીબ અને શ્રીમંતનાં બાળકનું પ્રાથમિક શિક્ષણનું સ્તર કેવી રીતે વધારી શકાય છે. તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં ગુજરાતમાં ૨૦ વર્ષથી શરૂ થયેલી અવિરત વિકાસયાત્રા શરૂ થઈ છે એ આગામી પાંચ વર્ષ સુધી વધુ ચાલવાની છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોદીજીની તમામ યોજનાઓનું બહુ સરસ રીતે અને સમય સમય પર મૂલ્યાંકન કરીને આગળ વધારવાનું કામ કર્યું છે. શ્રી શાહે જણાવ્યું હતું કે, ગુજરાતમાં શ્રી નરેન્દ્ર મોદીજીએ જે વિકાસનો પાયો નાંખ્યોછે, તેના પર આજે એક મજબૂત ઈમારત ઊભી છે અને એ જ રીતે અનેક ઈમારતોનું નિર્માણ થશે અને ગુજરાતના વિકાસની આ યાત્રા અવિરત રીતે ચાલુ રહેશે.

- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી દ્વારા લવાયેલી નવી શિક્ષણ નીતિનો આજથી ગુજરાતનાં પ્રાથમિક શિક્ષણમાં પ્રારંભ થવા જઈ રહ્યો છે અને ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણનો એક નવો અધ્યાય શરૂ થઈ રહ્યો છે
- શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, આજે ચાર સ્માર્ટ શાળાઓનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું છે, તેનાથી ૩૨૦૦થી વધુ બાળકોને લાભ થશે, તેઓ નવી શાળાઓનાં બાળકોને મળીને આવ્યા અને બાળકોના ચહેરા પર જે આનંદ જોવા મળ્યો આનંદ સંતોષની અનુભૂતિ કરાવનારો છે
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પ્રાથમિક શિક્ષણ પર ખૂબ ભાર મૂક્યો છે અને તે મુજબ જ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ આ સ્માર્ટ શાળાઓ શરૂ કરી છે
- છેલ્લાં ૨૦ વર્ષમાં અગાઉ મુખ્યમંત્રી તરીકે અને હવે દેશના પ્રધાનમંત્રી તરીકે સીધું જ શ્રી નરેન્દ્ર મોદીજીની દેખરેખ હેઠળ ગુજરાતના વિકાસનું કામ ચાલી રહ્યું છે
- ગુજરાતમાં શ્રી નરેન્દ્ર મોદીજીએ જે વિકાસનો પાયો નાખ્યો હતો તેના પર આજે એક મજબૂત ઈમારત ઊભી છે, આ જ રીતે અનેક ઇમારતોનું નિર્માણ થશે અને ગુજરાતના વિકાસની આ યાત્રા અવિરત ચાલુ રહેશે
- શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વમાં કેન્દ્રમાં સરકાર બન્યા બાદ દેશમાં સૌથી પહેલા ૨૪ કલાક વીજળી પહોંચાડવાનું કામ થયું
- ગુજરાતમાં વન્ય વિસ્તાર હોય, પહાડ હોય, સમુદ્ર તટનો વિસ્તાર હોય કે પછી ગ્રામીણ અને શહેરી વિસ્તાર હોય, શ્રી નરેન્દ્ર મોદીજીનાં નેતૃત્વવાળી સરકારે દરેક જગ્યાએ વિકાસનો અનુભવ અને સ્પર્શ કરાવવાનું કામ કર્યું છે
- અગાઉ ગુજરાતમાં ડ્રોપ આઉટ રેશિયો ખૂબ જ ઊંચો હતો, પ્રવેશ મેળવનારાં ઘણાં બાળકો શાળા છોડી દેતાં હતાં
- શ્રી નરેન્દ્ર મોદીજીએ એક નવી શરૂઆત કરીને કન્યા કેળવણીનાં નામે સમગ્ર ગુજરાતમાં પ્રવેશ ઉત્સવના કાર્યક્રમની શરૂઆત કરી, ભારતમાં સૌ પ્રથમ ૧૦૦ ટકા નોંધણી ગુજરાતમાં થઈ અને ૧૦૦ ટકા બાળકોએ શાળાએ જવાનું શરૂ કર્યું
- જો સમગ્ર ભારતમાં સાર્વજનિક પ્રાથમિક શિક્ષણમાં કોઇ રાજ્યનું મોડેલ જોવું હોય તો ગુજરાતમાં આવો અને જુઓ કે ગામ, શહેર, ગરીબ અને શ્રીમંતનાં બાળકનાં પ્રાથમિક શિક્ષણનું સ્તર કેવી રીતે વધારી શકાય છે
- મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે મોદીજીની તમામ કાર્ય યોજનાઓને જમીન પર લાવવાનો પ્રયાસ કર્યો છે અને વિકાસની દ્રષ્ટિએ ગુજરાત સમગ્ર દેશમાં એક મોડેલ સ્ટેટ તરીકે ઉભરી આવ્યું છે

## કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે અમદાવાદના કાંકરિયા ખાતે ૬ઠ્ઠા અખિલ ભારતીય પ્રિઝન ડ્યૂટી સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું

કમલમ્ ન્યુઝ,

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિત શાહે આજે અમદાવાદના કાંકરિયા ખાતે ૬ઠ્ઠા અખિલ ભારતીય પ્રિઝન ડ્યૂટી સંમેલનનું ઉદ્‌ઘાટન કર્યું હતું. બ્યૂરો ઓફ પોલીસ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (BPR&D) દ્વારા યોજવામાં આવેલા આ ત્રણ દિવસીય જેલ સંમેલનના ઉદ્‌ઘાટન સમારંભમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય ગૃહ સચિવ અને BPR&Dના મહાનિદેશક સહિત અનેક મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ મંત્રીએ અહીં ઉપસ્થિતોને આપેલા સંબોધનમાં જણાવ્યું હતું કે, આ મહત્વપૂર્ણ પ્રિઝન સંમેલન માત્ર સકારાત્મક રીતે રમતગમતની ભાવનાને વેગ આપશે એવું નથી પરંતુ, સાથે સાથે અહીં ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન સહભાગીઓ વચ્ચેના વાર્તાલાપ અને સફળ અનુભવોના આદાન-પ્રદાનથી જેલના પ્રશાસનને પણ ફાયદો થશે. શ્રી અમિત શાહે વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં બીજી વખત આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ પણ એક ખૂબ જ સંયોગની વાત છે કે જ્યારે ગુજરાતમાં પ્રથમ વખત જેલ સંમેલન યોજવામાં આવ્યું હતું ત્યારે શ્રી નરેન્દ્ર મોદીજી રાજ્યના મુખ્યમંત્રી હતા અને તેઓ રાજ્યના ગૃહ મંત્રી હતા, અને આજે હવે મોદીજી દેશના પ્રધાનમંત્રી છે અને તેઓ દેશના ગૃહ મંત્રી છે. તેથી તેમને ખૂબ જ આનંદ છે કે ખેલાડીઓને આવકારવા માટે તેઓ બંને બેઠકમાં ઉપસ્થિત રહ્યા છે. શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે, ૈંઁઇ્ઙ્ઘ દેશની આંતરિક સુરક્ષા અને સરહદોની સુરક્ષા સાથે સંબંધિત ઘણા વિષયો અને પાસાઓ પર સમગ્ર દેશમાં એક સમાન અને સામાન્ય કાર્યક્રમ બનાવવાનું કામ કરે છે. તેમણે ઉમેર્યું હતું કે, જેલ પ્રશાસન પણ દેશની આંતરિક સુરક્ષાનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને આપણે તેને અવગણી શકીએ નહીં. સમાજમાં જેલને જોવા માટેનો જે દૃષ્ટિકોણ છે તેમાં પણ પરિવર્તન લાવવાની જરૂર ઘણી છે. તેમણે કહ્યું હતું કે જો સજા નહીં હોય તો ડર નહીં હોય, અને જો ડર નહીં હોય તો શિસ્ત પણ નહીં હોય અને જો શિસ્ત નહીં હોય તો આપણે સ્વસ્થ સમાજની કલ્પના કરી શકતા નથી. આથી, સજાની પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ જેલ પ્રશાસનની પણ જવાબદારી છે કે જો કોઈ વ્યક્તિ સ્વભાવગત અને રીઢો ગુનેગારો ન હોય તો તેઓ આવા તમામ કેદીઓને સમાજમાં ફરીથી સ્થાપિત થવાનું તેઓ માધ્યમ બને. શ્રી અમિત શાહે આગળ ઉમેર્યું હતું કે, સજા પામેલા કેદીઓમાંથી ૯૦% એવા કેદીઓ હોય છે જેમનું સમાજમાં પુનર્વસન ખૂબ જ મહત્વપૂર્ણ છે, અને માત્ર માનવીય દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ કાયદો અને વ્યવસ્થાના દૃષ્ટિકોણથી પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેમણે જણાવ્યું હતું કે, આ સંમેલનની અંદર અનેક પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવાનું છે, જેનાથી જેલ પ્રશાસનના કર્મચારીઓ અને અધિકારીઓમાં પુનર્વસન પ્રક્રિયા માટે સંવેદનાનું નિર્માણ થશે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના નેતૃત્વમાં સરકાર રચાયા પછી, ખૂબ જ વ્યાપક સમીક્ષા કરીને પછી જૂના જેલ મેન્યુઅલને બદલે ૨૦૧૬ માં એક મોડેલ જેલ મેન્યુઅલ

- ગુજરાતમાં બીજી વખત આ સંમેલનનું આયોજન કરવામાં આવી રહ્યું છે અને આ પણ એક ખૂબ જ સંયોગની વાત છે કે જ્યારે ગુજરાતમાં પ્રથમ જેલ સંમેલન યોજાયું હતું ત્યારે શ્રી નરેન્દ્ર મોદીજી રાજ્યના મુખ્યમંત્રી હતા અને તેઓ રાજ્યના ગૃહ મંત્રી હતા, અને આજે હવે મોદીજી દેશના પ્રધાનમંત્રી છે અને તેઓ દેશના ગૃહ મંત્રી છે
- ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે આ મહત્વપૂર્ણ જેલ સંમેલન માત્ર સકારાત્મક રીતે રમતગમતની ભાવનાને વેગ આપશે એવું નથી પરંતુ, સાથે સાથે અહીં ત્રણ દિવસના પ્રવાસ દરમિયાન સહભાગીઓ વચ્ચેના વાર્તાલાપ અને સફળ અનુભવોના આદાન-પ્રદાનથી જેલના પ્રશાસનને પણ ફાયદો થશે
- પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં સસ્કાર રચાયા પછી, ખૂબ જ વ્યાપક સમીક્ષા કરીને પછી જૂના જેલ મેન્યુઅલને બદલે ૨૦૧૬માં એક મોડેલ જેલ મેન્યુઅલ લાવવામાં આવ્યું હતું
- જેલ પ્રશાસન પણ દેશની આંતરિક સુરક્ષાનો એક મહત્વનો ભાગ છે અને આપણે તેને અવગણી શકીએ નહીં, સમાજમાં જેલને જે રીતે દૃષ્ટિકોણથી જોવામાં આવે છે તેમાં પણ પરિવર્તન લાવવાની જરૂર છે
- સજાની પ્રક્રિયા ખૂબ જ મહત્વપૂર્ણ છે, પરંતુ જેલ પ્રશાસનની પણ જવાબદારી છે કે જો કોઇ વ્યક્તિ સ્વભાવગત અને રીઢો ગુનેગારો ન હોય તો તેઓ આવા તમામ કેદીઓને સમાજમાં ફરીથી સ્થાપિત થવાનું તેઓ માધ્યમ બને
- સજા પામેલા કેદીઓમાંથી ૯૦% એવા કેદીઓ હોય છે જેમનું સમાજમાં પુનર્વસન ખૂબ જ મહત્વપૂર્ણ છે, માત્ર માનવીય દૃષ્ટિકોણથી જ નહીં પરંતુ કાયદો અને વ્યવસ્થાના દૃષ્ટિકોણથી પણ તે ખૂબ જ મહત્વપૂર્ણ છે
- આ સંમેલનની અંદર અનેક પ્રકારની સ્પર્ધાઓનું આયોજન થવા જઇ રહ્યું છે, જેના કારણે જેલ પ્રશાસનના કર્મચારીઓ અને અધિકારીઓમાં પુનર્વસનની પ્રક્રિયા પ્રત્યે સંવેદનશીલતા પેદા કરશે
- ૨૦૧૬માં મોદીજી દ્વારા લાવવામાં આવેલા મોડેલ જેલ મેન્યુઅલમાં અનેક સુધારાત્મક મુદ્દાઓ સમાવી લેવામાં આવ્યા છે અને તેમાં કેદીઓના માનવ અધિકાર, સુધારા અને પુનર્વસન તેમજ નિયમ અને કાયદાઓમાં મૂળભૂત એકરૂપતા લાવવા માટે જેલમાં કોમ્પ્યુટરાઇઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે
- જેમાં મહિલા કેદીઓના અધિકારો માટે વિશેષ જોગવાઇ કરવાની સાથે સાથે આફ્ટર કેર સુવિધા, જેલના નિરીક્ષણ માટે સારી વૈજ્ઞાનિક નિયમાવલી, મૃત્યુદંડની સજા પામેલા કેદીઓના અધિકારોને સામેલ કરાયા છે અને જેલ સુધારણા સાથે સંકળાયેલા કર્મચારીઓ માટે અનેક સારી જોગવાઇઓ કરવામાં આવી છે
- જેલ મેન્યુઅલ બાદ સસ્કાર હવે મોડલ જેલ અધિનિયમ પણ લાવવા જઇ રહી છે, જેની મદદથી અંગ્રેજોના સમયથી ચાલતા આ અધિનિયમમાં જરૂરી ફેરફારો કરવામાં આવશે
- અત્યારે તમામ રાજ્યો સાથે આ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી રહી છે અને વિશ્વાસ છે કે આગામી ૬ મહિનાની અંદર એક મોડેલ જેલ અધિનિયમ લાવવામાં આવશે જે આપણા દેશની તમામ જેલોને અત્યાધુનિક બનાવશે
- તમામ રાજ્યોએ પણ જેલોમાં વધુ પડતી ભીડની દિશાના સંદર્ભમાં વિચારવું પડશે કારણ કે જ્યાં સુધી ભીડ ઓછી નહીં થાય ત્યાં સુધી જેલ પ્રશાસનને વધુ સારું બનાવી શકાશે નહીં આનો સામનો કરવા માટે તમામ રાજ્યોએ દરેક જિલ્લા જેલમાં અદાલતો સાથે વીડિયો કોન્ફરન્સની સુવિધા પૂરી પાડવી જોઇએ
- દેશમાં જેલ ક્ષેત્રની અવગણના કરવામાં આવી હતી અને જેલ એક ઉપેક્ષિત ક્ષેત્ર રહ્યું છે, એવા કેટલાય રાજ્યો છે કે જ્યાં હજુ પણ અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલી જેલ યથાસ્થિતિમાં છે
- આજે તેમનું આધુનિકીકરણ કરવાની સાથે-સાથે તેમને ટેકનોલોજીથી સજ્જ કરવી, સુરક્ષાની દૃષ્ટિએ તેમને સંપૂર્ણ યોગ્ય બનાવવી અને કેદીઓને રહેવાની સારી વ્યવસ્થા કરવી એ ખૂબ જ જરૂરી છે
- અંગ્રેજોના જમાનામાં જે કેદીઓ આવતા હતા તેઓ મોટાભાગે રાજકીય કેદીઓ હતા, તેમને ત્રાસ આપવો એ અંગ્રેજો માટે તેમનું શાસન જાળવવાનું સાધન બની શકતું હતું પરંતુ હવે દેશ આઝાદ થઇ ગયો છે અને જેલ પ્રત્યેના દૃષ્ટિકોણનું ફરીથી મૂલ્યાંકન કરવાની જરૂર છે
- દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ દેશની જનતાને ફિટ ઇન્ડિયાનો મંત્ર આપ્યો છે, સ્વાસ્થ્યને ઠીક કરવાની સાથે સાથે શરીરને એવી રીતે રાખવું જોઇએ કે જેનાથી કોઇને હોસ્પિટલમાં જવાની જરૂર જ ના પડે અને આ જ ફિટ ઇન્ડિયાનો મૂળ મંત્ર છે
- રમતગમતની ભાવના આપણને આદર્શ માનવ બનાવવાની દિશામાં આગળ લઇ જાય છે, માત્ર રમતગમતો દ્વારા જ જીતનો જુસ્સો અને હારને પચાવવાની હિંમત કેળવી શકાય છે
- જે વ્યક્તિમાં જીતવાનો જુસ્સો અને હાર પચાવવાની હિંમત નથી હોતી તેઓ જીવનમાં કંઇ જ કરી શકતા નથી

લાવવામાં આવ્યું હતું તેમણે ઉમેર્યું હતું કે, અત્યાર સુધી માત્ર ૧૧ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ આ જેલ મેન્યુઅલ અપનાવ્યું છે. ગૃહ મંત્રીએ તમામ રાજ્યોને મોડલ પ્રિઝન મેન્યુઅલ ૨૦૧૬નો તાત્કાલિક ધોરણે સ્વીકાર કરવા અને તેના આધારે પોતપોતાના રાજ્યોમાં જેલ સુધારણાના કાર્યક્રમને આગળ વધારવા માટે અનુરોધ કર્યો હતો. તેમણે કહ્યું કે મોડેલ જેલ મેન્યુઅલમાં અનેક સુધારાત્મક મુદ્દાઓ સમાવી લેવામાં આવ્યા છે અને તેમાં કેદીઓના માનવ અધિકાર, સુધારા અને પુનર્વસન તેમજ નિયમ અને કાયદાઓમાં મૂળભૂત એકરૂપતા લાવવા માટે જેલમાં કોમ્પ્યુટરાઇઝેશન પર ભાર મૂકવામાં આવ્યો છે. તેમાં મહિલા કેદીઓના અધિકારો માટે વિશેષ જોગવાઇ કરવાની સાથે સાથે આફ્ટર કેર સુવિધા, જેલના નિરીક્ષણ માટે સારી વૈજ્ઞાનિક નિયમાવલી, મૃત્યુદંડની સજા પામેલા કેદીઓના અધિકારોને સામેલ કરાયા છે અને જેલ સુધારણા સાથે સંકળાયેલા કર્મચારીઓ માટે અનેક સારી જોગવાઈઓ કરવામાં આવી છે શ્રી અમિત શાહે આગળ જણાવ્યું હતું કે, જેલ મેન્યુઅલ બાદ સરકાર હવે મોડલ જેલ અધિનિયમ પણ લાવવા જઈ રહી છે, જેની મદદથી અંગ્રેજોના સમયથી ચાલતા આ અધિનિયમમાં જરૂરી ફેરફારો કરવામાં આવશે. અત્યારે તમામ રાજ્યો સાથે આ અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી રહી છે અને વિશ્વાસ છે કે આગામી ૬ મહિનાની અંદર એક મોડેલ જેલ અધિનિયમ લાવવામાં આવશે જે આપણા દેશની તમામ જેલોને અત્યાધુનિક બનાવશે.

ગૃહ મંત્રીએ ઉમેર્યું હતું કે, તમામ રાજ્યોએ પણ જેલોમાં વધુ પડતી ભીડની દિશાના સંદર્ભમાં વિચારવું પડશે કારણ કે જ્યાં સુધી ભીડ ઓછી નહીં થાય ત્યાં સુધી જેલ પ્રશાસનને વધુ સારું બનાવી શકાશે નહીં. તેમણે રાજ્યોને અનુરોધ કર્યો કે, આ સમસ્યાનો સામનો કરવા માટે તમામ રાજ્યોએ દરેક જિલ્લા જેલમાં અદાલતો સાથે વીડિયો કોન્ફરન્સની સુવિધા પૂરી પાડવી જોઈએ. શ્રી શાહે આગળ કહ્યું હતું કે કટ્ટરપંથનો પ્રચાર કરનારાઓ અને માદક દ્રવ્યોનો ફેલાવો કરવા બદલ જેલમાં ધકેલવામાં આવ્યા હોય તેવા કેદીઓને જેલમાં અલગ રાખવાની વ્યવસ્થા પણ કરવાની જરૂર છે. તેમણે જણાવ્યું હતું કે, જેલની અંદર ગેંગની સ્થિતિને નિયંત્રણ લેવા માટે મેન્યુઅલમાં ઘણી માહિતી પણ આપવામાં આવી છે. શ્રી અમિત શાહે કહ્યું કે, આ દેશમાં જેલ ક્ષેત્રની અવગણના કરવામાં આવી હતી અને જેલ એક ઉપેક્ષિત ક્ષેત્ર રહ્યું છે. રાજ્યોને અનુરોધ કરતાં તેમણે કહ્યું હતું કે, એવા કેટલાય રાજ્યો છે કે જ્યાં હજુ પણ અંગ્રેજો દ્વારા બનાવવામાં આવેલી જેલ યથાસ્થિતિમાં છે. આજે તેમનું આધુનિકીકરણ કરવાની સાથે-સાથે તેમને ટેકનોલોજીથી સજ્જ કરવી, સુરક્ષાની દૃષ્ટિએ તેમને સંપૂર્ણ યોગ્ય બનાવવી અને કેદીઓને રહેવાની સારી વ્યવસ્થા કરવી એ ખૂબ જ જરૂરી છે. કેદીઓ માટે પુસ્તકાલય બનાવવું, તેમને વિવિધ પ્રકારનું શિક્ષણ આપીને તેમનું પુનર્વસન કરવું, તેમના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું, જેલમાં જ સારી હોસ્પિટલ અને માનસિક વિકાસ માટે વિવિધ કાર્યક્રમો શરૂ કરવા વગેરે થઈ શકે છે.

તેમણે કહ્યુંહતું કે, અંગ્રેજોના જમાનામાં જે કેદીઓ આવતા હતા તેઓ મોટાભાગે રાજકીય કેદીઓ હતા, તેમને ત્રાસ આપવો એ અંગ્રેજો માટે તેમનું શાસન જાળવવાનું સાધન બની શકતું હતું પરંતુ હવે દેશ આઝાદ થઈ ગયો છે અને જેલપ્રત્યેના દૃષ્ટિકોણનું ફરીથી મૂલ્યાંકન કરવાનીજરૂર છે. કેન્દ્રીય ગૃહ મંત્રીએ જણાવ્યું હતું કે, દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીએ દેશની જનતાને ફિટ ઇન્ડિયાનો મંત્ર આપ્યો છે, સ્વાસ્થ્યને ઠીક કરવાની સાથે સાથે શરીરને એવી રીતે રાખવું જોઈએ કે જેનાથી કોઈને હોસ્પિટલમાં જવાની જરૂર જ ના પડે અને આ જ ફિટ ઇન્ડિયાનો મૂળ મંત્ર છે શ્રી અમિત શાહે જેલ સંમેલનમાં ભાગ લેનારા ખેલાડીઓને જણાવ્યું હતું કે, ખેલદિલી એ એકમાત્ર એવી બાબત છે જે આપણને આદર્શ માણસ બનાવવાની દિશામાં આગળ લઈ જાય છે. માત્ર રમતગમતો દ્વારા જ જીતનો જુસ્સો અને હારને પચાવવાની હિંમત કેળવી શકાય છે. જે વ્યક્તિમાં જીતવાનો જુસ્સો અને હાર પચાવવાની હિંમત નથી હોતી તેઓ જીવનમાં કંઈ જ કરી શકતા નથી

## તંત્રી સ્થાનેથી......

રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વિસ્તરણ અનેડિસ્ટન્સ લર્નિંગ નિદેશાલય દ્વારા રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલરપ્રો. (ડૉ) બિમલ એન. પટેલના દૂરંદેશી નેતૃત્વ હેઠળ યુનિવર્સિટીની સામાજિક જવાબદારીના ભાગરૂપે અને લવાડ ગ્રામવાસીઓના બહેતર જીવન અને સુખાકારી માટે OPD ક્લિનિક, આરોગ્ય જાગૃતિ શિબિર, ADCબેંકની મોબાઈલ બેંક VAN અને લવાડનીપ્રાથમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં IT સેન્ટરના ઉદ્‌ઘાટનનો સમારંભ ગાંધીનગરના દહેગામના લવાડ ખાતેયોજવામાં આવ્યોહતો. આ કાર્યક્રમ ૨ સપ્ટેમ્બર, ૨૦૨૨ના રોજ સવારે૧૦.૧૫ થીબપોરે૧:૩૦ વાગ્યાની વચ્ચેયોજવામાં આવ્યોહતો. આ કાર્યક્રમના આયોજનનો મૂળ ઉદ્દેશ લવાડને એક મોડેલ વિલેજ બનાવવાનો છે અને ઉપરોક્ત ઉલ્લેખિત ઈવેન્ટ એ હવેપછી યોજનારા અન્ય કાર્યક્રમોની શરૂઆત રૂપે હતી, જેનાદ્વારા અમેગ્રામજનોનેવિવિધસુવિધાઓ પૂરીપાડીશું. આસમગ્ર પ્રોજેક્ટની શરૂઆત આપણા આદરણીય પ્રધાનમંત્રીની SMART (સ્માર્ટ), આત્મનિર્ભર અને સ્વચ્છ ગામ માટેની દૂરંદેશીને અપેક્ષિત રીતે પરિપૂર્ણ કરવા માટે થઈ છે અને આપણા આદરણીય ગૃહમંત્રી સાહેબે ઈઈના મોડેલ લવાડ ગામના ડ્રીમ પ્રોજેક્ટને પૂર્ણ કરવાનીજવાબદારી પોતાનાખભે ઉપાડી છે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત આશરે ૪૦૦ ગ્રામજનોને વાઇસ-ચાન્સેલર સાહેબે સંબોધિત કર્યા હતા, જેમાં ગામના વિકાસની પાંચ મુખ્ય બાબતો પરવિશેષ ભાર મૂક્યો હતો. તે આ મુજબ છે:

- 'આત્મનિર્ભર ભારત' ના નિર્માણપર વિશેષ ધ્યાન આપીને સામાજિક અને આર્થિક સુરક્ષા અને આત્મનિર્ભરતા.
- આરોગ્ય, સ્વચ્છતા અને સફાઈ.
- વિવિધ તાલીમ અને કૌશલ્ય વિકાસ કાર્યક્રમો દ્વારા મહિલાઓ, બાળકો અને ખાસ કરીને ગામના યુવાનોનું સશક્તિકરણ.
- ગ્રામજનો માટે રોજગારીની તકો.
- સમાજમાં પ્રવર્તતા કલંકિત મુદ્દાઓ જેમ કે દારૂનુંસેવન અનેઅન્ય અનૈતિક પ્રવૃત્તિઓને ગ્રામજનોના સક્રિય યોગદાનની મદદથી કાબૂમાં લેવી.

વાઈસ ચાન્સેલરે લવાડ ગામના સર્વાંગીવિકાસની ઈચ્છા વ્યક્ત કરી હતી અને લવાડને એક મોડેલ ગામ તરીકેતૈયાર કરવામાટે ગ્રામજનો તરફથી યોગદાન અનેસતત સમર્થનમેળવવાની આશા વ્યક્ત કરીહતી, જે મોડેલ ગામ તરીકે ભારતના અન્ય ગામો માટે પણ દૃષ્ટાંત પૂરું પાડશે. યુનિવર્સિટીના વાઇસચાન્સેલરે ગ્રામજનો સાથેની વાતચીત બાદ ગ્રામજનો પ્રત્યેના પ્રેમ અને આદરના પ્રતીક તરીકે OPD ક્લિનિક, ADC બેંક વાન, IT સેન્ટર ગામને સમર્પિત કર્યા હતા. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની મેડિકલ ટીમની સાથે ગાંધીનગરથી JMD ઈન્સ્ટિટ્યુટઓફ નર્સિંગ અને દહેગામથી ADC બેંકની ટીમ પણ ત્યાં ઉપસ્થિત રહી હતી અને મૂળભૂત આરોગ્ય, સ્વચ્છતા અને સફાઈના વિષય પર જાગૃતિ ફેલાવવા માટે શેરી નાટકો અને સ્કીટરજૂ કર્યા હતા. સમર્પિતમેડિકલ ટીમઅને વિદ્યાર્થીઓએચિત્રાત્મક નિરૂપણની મદદથીસરકારદ્વારા આપવામાંઆવતી વિવિધઆરોગ્ય યોજનાઓ સમજાવી હતી, જેમાં ખાસ કરીને મહિલાઓ અને બાળકોના સ્વાસ્થ્ય પર ધ્યાનકેન્દ્રિત કર્યું હતું. આ ઉપરાંત, આપ્રોજેક્ટ્સ હેઠળ વિવિધ પહેલ જેમ કે, પ્રણાલીગત અને વૈજ્ઞાનિક ખેતી અને પશુપાલન માટે તાલીમ અને જાગૃતિકાર્યક્રમ, ગ્રામજનો માટે WIFI સુવિધા, મહત્વાકાંક્ષીઓ માટે મોબાઈલ લાઈબ્રેરી, દૈનિક સ્વચ્છતા કવાયત, નિયમિત આરોગ્ય તપાસ, પ્રશિક્ષિત મનોચિકિત્સકો દ્વારા બાળકો માટે માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી, કિડ્સ પાર્ક, ગામમાં CCTV કેમેરા, યોગ અને ફિટનેસ કાર્યક્રમ, યુવાનો માટે કૌશલ્ય આધારિત તાલીમ કાર્યક્રમો, સરકારની વિવિધ યોજનાઓ દ્વારા સુવિધા વગેરે.. પણ ગ્રામજનો માટે કરવામાં આવતા વિવિધ કાર્યો છે.વિસ્તરણ અનેડિસ્ટન્સ લર્નિંગ નિદેશાલય, ફેકલ્ટીઑફ લૉ, SSLECJનાડીન ડૉ. ડિમ્પલ રાવલ અને તેમની ટીમે આ ઈવેન્ટનું સુંદર આયોજન કર્યું હતું જે ઈવેન્ટ દરમિયાન સ્પષ્ટપણે જોવા મળ્યું છે, તેમજ ટીમને લવાડના ગ્રામજનો તરફથીઅભૂતપૂર્વ ઈનપુટ અને પ્રશંસા પણ પ્રાપ્ત થયા છે. રાષ્ટ્રીયમહત્વની સંસ્થા 'રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી' ભારત સરકારના ગૃહ મંત્રાલય હેઠળની અગ્રણીરાષ્ટ્રીય સુરક્ષાઅને પોલીસ યુનિવર્સિટી છે જેની સ્થાપના ભારતીય સંસદઅધિનિયમ નંબર ૩૧, રાષ્ટ્રીયરક્ષાયુનિવર્સિટીઅધિનિયમ ૨૦૨૦ દ્વારા કરવામાં આવી છે. આ યુનિવર્સિટીનોઉદ્દેશ રાષ્ટ્રીય સુરક્ષા અને પોલીસ માટે શૈક્ષણિક-સંશોધન-તાલીમ ઈકોસિસ્ટમ તૈયાર કરવાનોછે. આયુનિવર્સિટી પોતાના લાયકાત પ્રાપ્ત નાગરિક અને સુરક્ષા ફેકલ્ટીઓ, પ્રતિબદ્ધ માનવ સંસાધન, પ્રેરિત સહભાગીઓઅનેવિદ્યાર્થીઓ, બૌદ્ધિકરીતે ઉત્સાહિત અને વ્યવસાયિકરીતે શિસ્તબદ્ધ માહોલ અને વિશ્વવ્યાપી નેટવર્ક શેરિંગ અને વિનિમય દ્વારા તેના પ્રયાસોમાં ઉચ્ચ વ્યાવસાયિકરાષ્ટ્રીય સુરક્ષા, પોલીસ શિક્ષણ, સંશોધન અનેતાલીમ પર ધ્યાન કેન્દ્રિત કરે છે. તેનો ઉદ્દેશ સમકાલીન અને ભવિષ્યવાદી સુરક્ષા અને વ્યૂહાત્મક અભ્યાસ અનેઆંતરશાખાકીય ક્ષેત્રોમાં સુરક્ષા અને વ્યૂહાત્મક શિક્ષણપ્રદાન કરવાનોછે. આ યુનિવર્સિટી સમાન વિચારધારા ધરાવતા રાષ્ટ્રો વચ્ચે ભવ્ય વ્યૂહાત્મક સહકાર સાથે શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરવિશ્વ જોડાણની ભારતની દૂરંદેશીમાંયોગદાન આપેછે અને આંતરિકસુરક્ષા અધિકારીઓ, લશ્કરી અનેઅર્ધલશ્કરી દળો, રાજદ્વારીઓ, નાગરિક કર્મચારીઓ અનેનાગરિકો વચ્ચે વધુ સમજણનેપ્રોત્સાહન આપે છે. તે સુરક્ષા અને વ્યૂહાત્મક સંસ્થાઓ અને દળોની જરૂરિયાતો, તેમજ કાયદા-નિર્માણ, સુશાસન, ન્યાયતંત્ર, અર્થતંત્ર (કૃષિ-ઉત્પાદન-સેવા ક્ષેત્રો) અને નાગરિકસમાજ સંસ્થાઓની જરૂરિયાતો, અપેક્ષાઓ અને મહત્વાકાંક્ષીઓનેપ્રતિસાદ આપવાનીક્ષમતાઓ પ્રાપ્ત કરવા માટે તેના શિક્ષણ, સંશોધન અને તાલીમ અને વિસ્તરણમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે દ્વિ-સ્તરીય અભિગમ અપનાવે છે.

# ખંભાત ખાતે ખારવા સમાજદ્વારા સાર્વજનિક ગણેશ મહોત્સવના ૫૨ વર્ષ પૂર્ણ થયા ની ઉજવણી

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

ખંભાત માછીપુરા ખાતે ખારવા સમાજ ધ્વારા છેલ્લા ૫૨ વર્ષ પેહલા સાર્વજનિક ગણેશ મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. જેના ૫૦ વર્ષ પૂર્ણ થયાને ધામધૂમપૂર્વક ઉજવણી કરવાની ઈચ્છા હોવા છતાં છેલ્લા ૨ વર્ષથી કોરોના ને કારણે થઈ શક્યું ન હતું. પરંતુ ચાલુ શાલે તેની ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. જેમાં સંગઠન મહામંત્રી શ્રી રત્નાકારજી, મધ્ય ઝોન પ્રભારી શ્રી ભાર્ગવ ભટ્ટ જી, જી.પ્રભારી શ્રી અમિતભાઇ ઠાકર, જી.પ્રમુખ વિપુલભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી મયુરભાઈ રાવલ અને સ્થાનિક સંગઠનના હોદ્દેદારો, અગ્રણીઓ આયોજકો સર્વે દર્શન-અર્ચન નો લ્હાવો લીધો. તેમજ યજ્ઞ નિમિત્તો ધારાસભ્યશ્રી મયુરભાઈ રાવલે શ્રીફળ હોમાત્મક વિધિમાં ઉપસ્થિત રહી સમગ્ર સમાજ અને વિસ્તારના કલ્યાણ હેતુ પ્રાર્થના કરી હતી.

# ખંભાત ના દહેડા ખાતે ભાલબરા દલિત મહિલા કો. ઓ સોસાયટી લી. દ્વારા ધારાસભ્ય મયુરભાઈ રાવલ નું સન્માન

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

દહેડા ખાતે છેલ્લા ૨૭ વર્ષથી કાર્યરત શ્રી ભાલબારા દલિત મહિલા કો.ઓ સોસાયટી લી. ધ્વારા આયોજિત બેઠકમાં ઉપસ્થિત બહેનો ધ્વારા સમાજ અને વિસ્તારના વિકાસને વેગ આપવા બદલ ધારાસભ્યશ્રી મયુરભાઈ રાવલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં બ્રહ્માકુમારી કિરણદીદી, આશાદીદી, આરએફઓ મકવાણા, સંસ્થાના પ્રમુખ-ઉપપ્રમુખ, સેક્રેટરી શાંતાબેન, કમિટી અને સભાસદ બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ભારત માં LIC ઈન્ડિયા એ સફળતા ના ૬૫ વર્ષ પૂર્ણ કર્યા.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

LIC ઈન્ડિયાએ સફળતાનાં ૬૫ વર્ષ પૂર્ણ કરી ૬૬ માં વર્ષ માં પ્રવેશ કર્યો તે નિમિતે આણંદ શહેરમાં રેલી નું આયોજન કરવામાં આવેલ હતું સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ અને આણંદ જિલ્લા કલેકટરશ્રી એમ. વાય. દક્ષિણી સાહેબના વરદ લીલી ઝન્ડી આપી રેલીનું પ્રસ્થાન કરાયું હતું.

# પેજ સમિતિ તેમજ સંગઠનાત્મક માર્ગદર્શન સંદર્ભે ખંભાત માં ભાજપ ની વિધાનસભા બેઠક યોજાઈ

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ જીના માઈક્રો મેનેજમેન્ટ "પેજસમિતિ" તેમજ સંગઠનાત્મક માર્ગદર્શન સંદર્ભે પ્રદેશ સંગઠન મહામંત્રી શ્રી રત્નાકર જીની અધ્યક્ષતામાં અને મધ્યઝોન પ્રભારીશ્રી ભાર્ગવભાઈ ભટ્ટ જી, જી.પ્રભારીશ્રી અમિતભાઈ ઠાકર જીની વિશેષ ઉપસ્થિતિમાં ખંભાત શહેર/તાલુકા ભાજપની "વિધાનસભા બેઠક" યોજાઈ હતી. આ બેઠકમાં જી.પ્રમુખશ્રી વિપુલભાઈ પટેલ, મહામંત્રી રમણભાઈ સોલંકી, ધારાસભ્યશ્રી મયુરભાઈ રાવલ, પૂર્વ ધારાસભ્ય સંજયભાઈ પટેલ, તા.પ્રમુખ ભીખાભાઈ પટેલ અને શહેર.પ્રમુખ પિનાકીનભાઈ બ્રહ્મભટ્ટ સહિત હોદ્દેદારો, તા.પં પ્રમુખ હર્ષદસિંહ સિંધા અને ન.પા પ્રમુખ કામિનીબેન ગાંધી સહિત ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ખંભાત શહેર/તાલુકા સંગઠનના પ્રભારીઓ, વિવિધ મોરચાના પ્રમુખ/મહામંત્રી, શક્તિકેન્દ્રોના સંયોજકો, પ્રભારીઓ, વિસ્તારકો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અરવલ્લી જિલ્લા મોડાસામાં રામપાર્ક રાજાનો ૨૯મો ગણેશમહોત્સવ

## ગણેશજી ને ૧૧ કિલો ચાંદીના આભૂષણથી શણગાર્યા

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ અરવલ્લી

અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરના પ્રસિદ્ધ રામપાર્ક કા રાજાની ધામધૂમથી ઉજવણી રામપાર્ક યુવક મંડળ દ્વારા કરવામાં આવી રહી છે. રામપાર્ક મંડળ છેલ્લા ૨૯ વર્ષથી ગણેશ મહોત્સવનું આયોજન કરી રહ્યું છે, જેમાં છેલ્લા કેટલા વર્ષોથી દાદાને ૧૧ કિલો ચાંદીના આભૂષણોથી શણગારવામાં આવી રહ્યા છે. ગણેશ મહોત્સવ સાથે સાથે બાળકોના ઉત્સાહને વધારવા માટે એક નાનકડા મેળાનું પણ આયોજન કરવામાં આવ્યું છે. રામપાર્ક કા રાજાને જોવા માટે ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે, આજે શનિવારના રોજ દાદા ને ૫૬ ભોગ ધરાવવામાં આવ્યા હતા અને શાસ્ત્રીજી નંદકિશોર શર્મા દ્વારા સુંદરકાંડનું પણ આયોજન કરવામાં આવ્યું છે. સમગ્ર આયોજન માટે રામપાર્ક યુવક મંડળે ભારે જહેમત ઉઠાવી હતી.

# ગુજરાત રાજયમાં સૌથી લાંબી ૧૧૫૨ ગજ ની ધજા સાથે દિપોરામ પગપાળા સંઘ માલપુર આવી પહોંચતા ભવ્ય સ્વાગત

## એનિમલ ઓફિસર હર્ષુ પંડયા દ્વારા સૌ અંબાજી જતા પદયાત્રીઓને શુભેચ્છાઓ પાઠવી

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

દાહોદ જિલ્લાના લીમખેડામાં દિપોરામ ગ્રુપ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે ગુજરાત રાજ્યમાં સૌથી લાંબી અને રાજ્યમાં ત્રીજી વાર ૧૧૫૨ ગજની ધજા સાથે પગપાળા યાત્રા સંઘના શ્રદ્ધાળુઓ માલપુર આવી પહોંચતા હિન્દુ યુવા વાહીની દ્વારા ટોલ પ્લાઝા ઉપર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. દિપો રામ ગ્રુપના પ્રમુખ શ્રી વિકાસસિંહ બાપુ એ જણાવ્યું હતું કે આ ધજાની લંબાઈ ૧૧૫૨ ગજ એટલે કે લગભગ એક કિલોગ્રામથી વધારે છે. સંઘ માં ૩૦૦ થી વધુ ભાવીભક્તો મોટી સંખ્યામાં જોડાયા છે. દિપોરામ ગ્રુપ લીમખેડા પગપાળા સંઘ માલપુર ટોલ પ્લાઝા આવી પહોંચતા હિન્દૂ યુવા વાહીની પ્રચારક, એનિમલ ઓફિસર હર્ષુ પંડ્યા, જિલ્લા ઉપાધ્યક્ષ પરીક્ષિત ગોર, ગૌ રક્ષક સચિન કડીયા દ્વારા ખેસ થી સ્વાગત કરવામાં આવ્યું હતું. એનિમલ ઓફિસર હર્ષુ પંડયા દ્વારા સૌ અંબાજી જતા પદયાત્રીઓને શુભેચ્છાઓ પાઠવી માતાજીના આશીર્વાદ દરેક ભક્તો ઉપર બની રહે એવી અરજ માતા ના દરબાર માં કરી હતી.

# ઉત્તર ગુજરાત ઈન્ટર કોલેજ ટેબલ ટેનિસ સ્પર્ધામાં મોડાસાની કોલેજોના ખેલાડીનો ઉત્તમ દેખાવ

## સર પી.ટી.સાયન્સ કોલેજ બીજા નંબર સાથે અગ્રેસર

કમલમ્ ન્યુઝ,ધાર્મિક ભટ્ટ

૩ સપ્ટેમ્બરના રોજ યોજાયેલ ઉત્તર ગુજરાત ઈન્ટર કોલેજ ટેબલ ટેનિસ સ્પર્ધામાં મોડાસાની કોલેજના ખેલાડીઓનો ઉત્તમ દેખાવ રહ્યો હતો. જેમા પ્રથમ નંબરે ધી. મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ સંચાલિત બી.એચ.ગાંધી બી.બી.એ કોલેજના નકુલ પટેલ, દ્વિતીય નંબર સર પી.ટી સાયન્સ કોલેજ, મોડાસાના રેહાન શેખ અને તૃતીય એસ.વી.ટી બી.એડ કોલેજના ઋત્વિક ઉપાધ્યાયનો રહ્યો હતો. આ ત્રણેય ખેલાડી ચાલુ વર્ષ દરમ્યાન નેશનલ રમવા માટે જશે ખેલાડી અને કોચ મહાવીરસિંહ કુંપાવાતને અરવલ્લી જિલ્લા રમત વિકાસ અધિકારી મજહર સુથાર અને ધી મ.લા.ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના પ્રમુખશ્રી નવીનચંદ્ર આર મોદી, ઉપપ્રમુખ સુભાષભાઈ શાહ દ્વારા ખેલાડીઓને અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવી હતી. રમશે ગુજરાત જીતશે અરવલ્લી.

# પતંજલિ યોગ સમિતિના સભ્યોએ કેમ્પ. માં સેવા આપી

કમલમ્ ન્યુઝ,

ઈટાદરા સેવા મંડળ, ભાદરવી પૂનમે અંબાજી જતા પદયાત્રીઓની સેવા માટે નિત્યાનંદ કોટન મિલ, ખરણા,(માણસા) મુકામે સતત ૩૫ વર્ષથી સેવા કેમ્પનું આયોજન કરી રહ્યું છે. આ ૩૬ માં વર્ષે બાબુભાઈ એચ. પટેલ (મંડપ વાળા) અને ગામના સેવાભાવી મિત્રોએ પદયાત્રીઓ માટે સેવા કેમ્પની શરૂઆત કરીદીધી છે. પદયાત્રીઓને ચા-નાસ્તો, સ્નાન માટે ગરમ પાણી, મિનરલ પાણી, આરામની વ્યવસ્થા, મોબાઈલ ચાર્જિંગની સગવડ તથા દવાઓ પુરી પાડી માના ભક્તોની સેવા કરી રહેલ છે.

# નવસારી જિલ્લામા જિલ્લા કક્ષાનો યુવા મતદાર ઉત્સવ ઉજવાયો

કમલમ્ ન્યુઝ,મયુર પટેલ

નોડલ અધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ડો. રાજશ્રી ટંડેલ દ્વારા મતદાર જાગૃતિ મહોત્સવ અંતર્ગત જિલ્લા કક્ષાની યુવા મતદાર મહોત્સવ કાર્યક્રમનું આયોજન મદ્રેસા હાઈસ્કુલ નવસારીમાં થયું હતું જેમાં પાંચ તાલુકાના વિજેતાઓએ ભાગ લીધો હતો. કલેકટર શ્રી અમિતકુમાર યાદવ અને જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી વીરાભાઈ સાંભળના હસ્તે દીપ પ્રાગટ્યિકરણ દ્વારાકાર્યક્રમને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. ડો. રાજશ્રી ટંડેલ દ્વારા જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત જિલ્લામાં થઈ રહેલી વિવિધ પ્રવૃત્તિઓ અને સ્પર્ધા વિશે જાણકારી આપવામાં આવી હતી. જેમાં શ્રી બી. એલ. પટેલ સર્વ વિદ્યામંદિર, રાનકુવા એ તાલુકા કક્ષાએ વિભાગ અમાં ઈપોસ્ટર સ્પર્ધામાં પટેલ જૈનીલ, વિડીયો સ્પર્ધામાં પટેલ મીત, પોસ્ટર ડિઝાઈનમાં બારોટ જીયા પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો. તેમજ વિભાગ બમાં શાળાના શિક્ષિકા ઓડિયો સ્પર્ધામાં પટેલ કૈલાશબેન અને ઈપોસ્ટર સ્પર્ધામાં વછીયાત ફરહીનબેન એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી જિલ્લા કક્ષાએ ત્રણ વિદ્યાર્થીઓ અને બે શિક્ષકોએ ભાગ લીધો હતો. જિલ્લા કક્ષાએ વિભાગ અમા ઈપોસ્ટર સ્પર્ધામાં પટેલ જૈનીલ એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો હતો અને વિડીયો સ્પર્ધા અને પોસ્ટર ડિઝાઈન સ્પર્ધામાં અનુક્રમે પટેલ મિત અને બારોટ જીયા એ દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. વિભાગ બમાં ઓડિયો સ્પર્ધામાં શાળાના શિક્ષિકા પટેલ કૈલાસબેન એ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી શાળાનું નામ નવસારીમાં ગુંજતું કર્યું. આ વિજેતા ટીમને કલેકટર શ્રી, નાયબ ચૂંટણી અધિકારી શ્રી અને જિલ્લા શિક્ષણાધિકારી શ્રીના હસ્તે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા. શાળાના સંચાલક મંડળ એ શાળાના આચાર્યશ્રી સંજય સિંહ પરમાર અને શાળા પરિવારને શુભેચ્છા અભિનંદન પાઠવ્યા હતા. જિલ્લા કક્ષાની સ્પર્ધા સંપન્ન જિલ્લાની શાળાઓમાં મતદાન માટે જાગૃતિના જોરદાર પ્રયત્ન નોંધ ચૂંટણી પંચે લીધી..

# આનંદાલય દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડ્કર ભવન - આહવા ખાતે 'વર્તનથી પરિવર્તન' કાર્યશાળા યોજાઈ.

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

તમામ સમસ્યાઓનો ઉકેલ ચારિત્ર્ય નિર્માણ જ છે. એટલે આનંદાલય ચારિત્ર્ય નિર્માણનું મૂળ પાયાનું કામ કરવા ઈચ્છતા સમર્પિત સાધકોનું એક વૃંદ છે. ચારિત્ર્ય નિર્માણ જ આ દેશની આજની સર્વોત્તમ જરૂરિયાત છે. એટલે જ આનંદાલયે ને ધ્યેયમંત્ર બનાવેલ છે. ચારિત્ર્ય નિર્માણનું મૂળ પાયાનું કામ કરતી આનંદાલયની એક અનોખી પહેલ. શિક્ષક દિન નિમિત્તે શિક્ષક દિન પૂર્વ આનંદાલય દ્વારા 'વર્તનથી પરિવર્તન' કાર્યશાળા યોજાઈ. આનંદાલય જીવન શિક્ષણના વિવિધ આયામો અને પ્રકલ્પો ચલાવે છે. જેના થકી વ્યક્તિને જીવનદૃષ્ટિ પ્રાપ્ત થાય છે. દૃષ્ટિ સંપન્ન વ્યક્તિ જ જીવનભર પોતાના અને બીજાના વિકાસ માટે કાર્યરત બને છે. આ જ ઉપક્રમે શિક્ષકદિનના આગલા દિવસે ૦૪ સપ્ટેમ્બર, ૨૦૨૨ને રવિવારે બપોરના ૦૨ થી સાંજના ૦૬ સુધી ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલ આહવા ખાતે કાર્યશાળા યોજવામાં આવી. સાધનાનો સાચો માર્ગ બતાવતી આનંદાલય દ્વારા શિક્ષણ જગતમાં રચાશે એક નવો જ ઈતિહાસ. જે શિક્ષક એવું માને છે કે શીખવું એ આજીવન ચાલતી પ્રક્રિયા છે અને શીખવું એ મારી પોતાની જરૂરિયાત છે તેવા સમર્પિત ૩૦ સાધક જે આ કાર્યશાળામાં અગાઉથી જ નોંધાયેલા છે. આ કાર્યશાળાનું સંચાલન નવસારીના ડૉ. જાગૃતિબેન દેસાઈ કર્યું. કાર્યશાળામાં કોઈપણ પ્રકારનાં પ્રવચનો, ઉપદેશો કે ભાષણો થયા નહીં. દરેક મુદ્દા પર પરસ્પર ચર્ચા કરીને તેના વિશ્લેષણના અંતે વૈજ્ઞાનિક અભિગમ તૈયાર થયા.. સહભાગીને સ્પર્શતી મર્યાદાઓ પર કામ કરવા માટે રોડ મેપ તૈયાર કરશે. અને સંકલ્પબદ્ધ બન્યા.ડાંગમાંથી મુખ્ય શ્રી રામાભાઈ ચૌધરી, કિશોર ભાઈ પટેલ, ડૉ. ફાલ્ગુનીબેન પટેલ અને નિવૃત્ત ગ્રંથપાલ દત્તાત્રેય મોરે સાથે ૧૮ જેટલા શિક્ષકોએ ભાગ લીધો હતો. ડાંગની આ આનંદાલય ની કાર્યશાળા માટે ડાંગ જિલ્લા શિક્ષણાધિકારી એમ. સી ભુસાર પણ સર્વ ભાગ લેનાર શિક્ષક મિત્રોને અભિનંદન પાઠવ્યા હતા.

કમલમ્ ન્યુઝ,

આગામી ચુંટણી લક્ષી માર્ગદર્શન માટે ઈડર વડાલી શહેર તાલુકા મંડળ નાં પ્રભારી સંયોજક સાથે વિસ્તૃત ચર્ચા જુજરાત પ્રદેશ સંગઠન નાં મહામંત્રી ર જનીભાઈ પટેલ અને ભાજપ સાબર કાંઠા જિલ્લાના પ્રમુખ જે ડી પટેલ સાહેબ મહામંત્રી કનુભાઈ પટેલ મહામંત્રી મહેન્દ્રસિંહ રહેવર પ્રભારી ભરતભાઈ આર્ય રેખાબેન ચૌધરી ઉપસ્થિત રહી સૌ ને માર્ગદર્શન આપવામાં આવ્યું અને આગામી ચુંટણી ની તૈયારી પુરજોશ માં કામે લાગો તેની માહિતી પુરી પાડવામાં આવી

# જય સિયારામ સેવા ટ્રસ્ટ દ્વારા આહવા આંબાપાદામા સમૂહ લગ્ન યોજાશે

કમલમ્ ન્યુઝ, અમરનાથ જગતાપ

ડાંગ જિલ્લા ના આહવા આંબાપાડા ખાતે હોળી પાંચમ પછી ગરીબ અનાથ કન્યાઓના સમૂહ લગ્નનું આયોજન કથાકાર શ્રી પ્રફુલભાઈ શુકલના અધ્યક્ષતા કરવામાં આવી છે. મલાવી કેન્યાથી ભારત પરત આવેલા કથાકાર શ્રી પ્રફુલભાઈ શુકલના નિવાસે ખેરગામ મુકામે આજે અગત્યની મિટિંગ રાખવામાં આવી જેમાં બાપા સીતારામ પરીવાર ના ભારતીબેન ગાયકવાડ, રમીલાબેન રાઠોડ, જયાવંતાબેન પવાર,ગૌરવકુમાર કટારે, મહેશભાઈ ખરનાર, અનિલભાઈ પવાર ઉપસ્થિત રહયા હતાં જેમાં ગરીબ અનાથ કન્યાઓને કરિયાવર સાથે કન્યાદાન આપીને સમૂહ લગ્ન કરવાની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. સાથે ૧૦,૦૦૦ લોકોનુ ભોજન ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. સમૂહ લગ્નમા વર અને કન્યાની નોંધણી કરવા માટે ગૌરવ ભાઈ કટારે તેમજ ભારતીબેન ગાયકવાડ નો સંપર્ક કરવા કહેવામાં આવ્યું છે. આ સાથે મન્ડપ, ભોજન અને કરિયાવર સમિતિની રચાના કરવામાં આવી છે દંડકારન્ય ના વનવાસી વિસ્તાર મા યોજનારા આ સમૂહ લગ્ન મા ડાંગ પ્રદેશ ના, ધાર્મિક અને રાજકિય આગેવાનો ઉપસ્થિત રહેશે. કોવીડ ૧૯ ના ૨ વર્ષના વિરામ પાછી યોજાનારા આ સમૂહ લગ્નમાં મોટી સંખ્યામા લોકો ભાગ લેશે એવી સંભાવના વરતાઈ રહી છે.

# પાલનપુર ખાતે ભવ્યાતિભવ્ય શોભાયાત્રા નિકળેતા વાતાવરણ ભક્તિમય બન્યું.

કમલમ્ ન્યુઝ,

પાલનપુર નગરમાં જૈન સમાજના પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વની જૈન સમાજના ભાવિક ભક્તો દ્વારા ભક્તિભાવ અને હર્ષોલ્લાસભેર શાનદાર ઉજવણી સંપન્ન થતા વર્ષો વર્ષની જેમ પરંપરા મુજબ પાલનપુરની પાવન ભૂમિ પર પર્યુષણની પૂર્ણાહુતિ નિમિત્તે પરંપરાગત મુજબ ૨૪મા તીર્થંકર ભગવાન મહાવીર સ્વામીની કર્તવ્ય શોભાયાત્રા ભક્તિ સભર માહોલમાં પલ્લવીયા પાર્શ્વનાથ દેરાસર ખાતે થી નિકળી શહેરના વિવિધ માર્ગો પર થી પસાર થતા સમગ્ર વાતાવરણ ભક્તિના રંગમાં રંગાયુ હતું.ત્યારે પર્યુષણ પર્વની પૂર્ણાહુતિ પ્રસંગે શહેરમાં આ શોભાયાત્રામાં અગ્ર ભાગે કિંસાન ડંકો તેમજ વિવિધ જૈન મહિલા મંડળની બહેનોએ ભગવાન મહાવીર સ્વામીના સ્તોત્ર ગાન ની રમઝટ બોલાવી હતી.આ શોભાયાત્રામાં ચાતુર્માસ અર્થે બિરાજમાન પરમ પૂજ્ય ગણીવર્ય શ્રી હિતરત્ન વિજયજી મ.સા,પૂજ્ય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા, વિવિધ મુનિશ્રીઓ તથા પૂજ્ય સાધ્વીજી ભગવંતોશ્રી સહિત જૈન સમુદાયના લોકો મોટી સંખ્યામાં જોડાયા હતા.શોભાયાત્રામાં અપાશ્રયોના ભગવાનોને અલગ અલગ રથમાં બીરાજીત કરી શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતું.જે શોભાયાત્રા શહેરના નીર્ધારીત કરેલા માર્ગો પર થી નિકળતા વાતાવરણ ભક્તિમય બન્યું હતું આ શોભાયાત્રા નું નિજ પલ્લવીયા પાર્શ્વનાથ દેરાસર ખાતે સમાપન કરવામાં આવ્યું હતું.જૈન સમાજના શ્રાવક-શ્રાવિકાઓ ભાઈ બહેનો ખૂબ મોટી સંખ્યામાં તથા નયન રમ્ય ચાંદીના રથમાં ભગવાન મહાવીર સ્વામીની પ્રતિમા,ઈન્દ્ર ધ્વજા,પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતો ની પાવનકારી નિશ્રા,બેન્ડબાજા સાથેની શોભા યાત્રાએ નગરજનોમાં એક આગવું આકર્ષણ જ માર્યું હતું. પર્યુષણ મહાપર્વના સમાપન નિમિત્તે જૈન સમાજ દ્વારા પરંપરાગત રીતે નીકળેલી ભગવાનની રથયાત્રા દરમિયાન પાલનપુર નગરના મુખ્ય માર્ગોની બંને તરફ વિવિધ સ્થાન પર આ શોભાયાત્રા નીકળી હતી.

# જનસેવા એ જ પ્રભુ સેવાના ઉમદા ઉદ્દેશથી સેવા કેમ્પ ૧૬ વર્ષમાં પ્રવેશ

**યુવા ખેડબ્રહ્મા દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેમ્પ ખુલ્લો મુકવામાં આવ્યો**

કમલમ્ ન્યુઝ,રૂપેશ રાવલ

યુવા ખેડબ્રહ્મા દ્વારા પદયાત્રીઓ માટે સેવા કેન્દ્રનો શુભારંભ થયો ખેડબ્રહ્મા શહેર માં છેલ્લા ૧૬ વર્ષથી અવીરત ભાદરવા સુદ આઠમથી તેરસ સુધી પદયાત્રીઓ માટે સેવા કેમ્પનો આરંભ સાબરકાંઠાના કલેકટર હિતેશ કોયા તેમજ પ્રાંત અધિકારી એચ.યુ. શાહના વરદહસ્તે દીપ પ્રાગટય કરી ખુલ્લો મુકવામાં આવ્યો મહેમાનોનું સાલ ઓઢાડીને સન્માન કરવામાં આવેલ માતાજીની આરતી સ્તુતિ કરી હની આ પ્રસંગે મામલતદાર એચ.વી કોદરવી ખેડબ્રહ્મા શહેર પ્રમુખ અરવિંદભાઈ રાવલ નગરપાલિકાના પ્રમુખ સાગર પટેલ તાલુકા સંગઠનના પ્રમુખ સુરેશભાઈ પટેલસાબર કાંઠા જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિના ચેરમેનહિતેન્દ્રસિંહ ચૌહાણ મીનાબેન જોશી રાજેન્દ્રસિંહ ચૌહાણ ખેડબ્રહ્મા પી.એસ.આઈ પી.પી. જાની કે.ટી ટ્રેડિંગ વાળા પપ્પુભાઈ ચાવલા .સંકેતભાઈ દોશી પ્રોજેક્ટ લીડર રાજુભાઈ સિંધી વિષ્ણુભાઈ પ્રજાપતિ સેવારે નાસ્તો બટાકા પૌવા ચા પૂરી શાક મરચા ફરસાણ પાણી મેડિકલ કેમ્પ ગલુકોન.ડી મોબાઈલ ચાર્જની વ્યવસ્થા કરવામાં આવેલ છે યુવા ખેડબ્રહ્મા ના લોયન્ટીયરો દ્વારા વર્ષ દરમિયાન વિવિધ કાર્યક્રમો કરવામાં આવે છે જેવા કે વનવાસી વિસ્તારના બાળકોને અભ્યાસ કરાવો સ્કૂલ નો ગણવેશ ચોપડા તહેવારો પ્રસંગે રંગબેરંગી કપડા તેમજ મીઠાઈઓ વિતરણ કરવામાં આવે છે તેમજ રક્તદાનના કાર્યક્રમ વૃક્ષારોપણના કાર્યક્રમ અને કવિષ કાર્યક્રમ યુવા દ્વારા કરવામાં આવે છે જેનું સફળ સંચાલન યુવાના પ્રમુખ ભિજેશભાઈ બારોટ દ્વારા કરવામાં આવે છે આજના કાર્યક્રમમાં સંચાલન અરવિંદભાઈ ઠક્કર ચેરમેન નગરપાલિકા દ્વારા કરવામાં આવ્યું હતું

## આહવા ખાતે મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીની ઉપસ્થિતિમા યોજાશે શિક્ષક દિન

કમલમ્ ન્યુઝ,અમરનાથ જગતાપ

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય પ્રેરિત જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી, ડાંગ દ્વારા તા.૫મી સપ્ટેમ્બર ના રોજ કલ્પસર અને મત્સ્યોદ્યોગ ( સ્વતંત્ર હવાલો ), નર્મદા, જળ સંસાધન અને પાણી પુરવઠા (રાજ્ય કક્ષા) મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરીની પ્રેરક ઉપસ્થિતિમા શિક્ષક દિનની ઉજવણી કરવામા આવશે. તા.૫મી સપ્ટેમ્બર : શિક્ષક દિનની ઉજવણી કાર્યક્રમ, સરકારી માધ્યમિક શાળા આહવા ખાતે રાખવામા આવ્યો છે. જેમા જિલ્લા પંચાયત પ્રમુખ શ્રી મંગળભાઈ ગાવિત, ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલ, કલેક્ટર શ્રી ભાવિન પંડ્યા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી ડો.વિપિન ગર્ગ, જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના અધ્યક્ષા શ્રીમતી નીલમ ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

## જિલ્લાની સરકારી પ્રાથમિક શાળામાં લોકભાગીદારીથી સ્માર્ટ કલાસ બનાવાયા

# વડોદરા જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ કલાસ બનતાં ૭૫ વિદ્યાર્થીઓ ખાનગી શાળાઓ છોડી ફરી દાખલ થયાં

## લીલોડમાં માધ્યમિક શાળામાં સ્માર્ટ કલાસ બનતા એક ખાનગી શાળા બંધ થવાની અણી ઉપર.

કમલમ્ ન્યુઝ,ચિરાગ પંડેય

વડોદરા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિશેષ અભિયાનના ભાગરૂપે લોકભાગીદારીથી પ્રાથમિક શાળાઓને આપવામાં આવી રહેલા સ્માર્ટ કલાસના ગુણાત્મક પરિણામો જોવા મળી રહ્યા છે. જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ કલાસ શરૂ થવાની સાથે જ ખાનગી શાળા છોડી વિદ્યાર્થીઓ સરકારી પ્રાથમિક શાળામાં દાખલ થયા છે. આવા ૭૫ છાત્રો ખાનગી શાળામાં શિક્ષણનો મોહ છોડી સરકારી પ્રાથમિક શાળામાં ફરી ભણવા લાગ્યા છે. વડોદરા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં આવેલી પ્રાથમિક શાળાઓમાં સ્માર્ટ શરૂ કરવા માટે કલેકટર અતુલ ગોરે અનોખું અભિયાન શરૂ કર્યું છે. આવા વિસ્તારોમાં વસતા વિદ્યાર્થીઓને પણ ટેકનોલોજીની મદદથી ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે એવો ઉમદા હેતું આ અભિયાન પાછળ રહેલો છે. આમાટે જિલ્લાની ૨૨૫ શાળાઓની પસંદગી કરવામાંઆવી છે. પ્રથમ તબક્કામાં તે પૈકી ૭૩ શાળાઓમાં સ્માર્ટ કલાસ આપી દેવામાં આવ્યા છે.આસ્માર્ટકલાસમાં એજ્યુકેશનલ મોડ્યુઅલ સાથે એક ડેશ બોર્ડ આપવામાં આવે છે. જે માં વિવિધ ધોરણના અભ્યાસક્રમો દ્રષ્ય શ્રાવ્ય માધ્યમમાં હોય છે. ગુજરાતી અને હિંદીની કવિતાઓ ગાન સાથે અને ગણીત તથા વિજ્ઞાનના પ્રયોગો એનિમેશન સ્વરૂપમાં હોય છે. આ વિશેષતા બાળકોએ રસ સાથે અભ્યાસ કરવામાટે પ્રેરે છે. કરજણ તાલુકાના લીલોડ ગામની વાત બહુ જ રસપ્રદ છે. ત્યાંથી સરકારી પ્રાથમિક શાળામાં સ્માર્ટ કલાસ શરૂ થતાંની સાથે જ ખાનગી શાળાના વિદ્યાર્થીઓ ફરી દાખલ થયા છે. માત્ર ૯૦૦ જેટ લી વસતી ધરાવતા લીલોડ ગામની પ્રાથમિક શાળામાં કુલ ૩૦૪ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ પ્રાથમિક શાળાના શિક્ષકોનું શિક્ષણકાર્ય પ્રત્યે એટલું સમર્પણ છે કે, આજુબાજુના સાતેક ગામના વિદ્યાર્થીઓ પણ ત્યાં અભ્યાસ કરવામાં આવે છે. એમાંય સ્માર્ટ કલાસ શરૂ થતાં ૧૩ વિદ્યાર્થીઓ ફરી સરકારી શાળામાં આવ્યા છે. રાજ્ય સરકાર દ્વારા લીલોડમાં માધ્યમિક શાળા શરૂ કરવામાં આવવા ઉપરાંત સ્માર્ટ કલાસ શરૂ થતાં બાજુના ગામમાં આવેલી એક ખાનગી શાળા હવે બંધ થવાની અણી ઉપર આવી ગઈ છે.ખાનગી શાળામાંથી સરકારી પ્રાથમિક શાળામાં અભ્યાસ માટે પોતાની દીકરીને મૂકનારા જયદેવભાઈ પાટણવડિયા નામના ખેડૂત કહે છે, હું મારી દીકરી કિંજનાનઅભ્યાસકાર્યનું રોજબરોજ નિરીક્ષણ કરૂ છે. ખાનગી શાળામાં અભ્યાસ કરતા સરકારી શાળામાં ભણવાથી તેમની નોટ સારી રીતે તૈયાર કરે છે. કસોટીમાં પણ સારા માર્ક આવે છે. ઉપશિક્ષક મહેન્દ્રભાઈ મહેરા કહે છે, અમે ધોરણ ૬ થી ૮ના વિદ્યાર્થીને સ્માર્ટ કલાસમાં અભ્યાસ કરાવીએ છીએ. શાળામાં આ ત્રણ કક્ષામાં કુલ ૨૧૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. સ્માર્ટ લર્નિંગના કારણે વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રત્યેની રુચિ વધી છે. આ છાત્રોનું એકસમ કસોટીમાં સારૂ પરિણામ જોવા મળ્યું છે.ડભોઇ તાલુકાની મોટા હબીપુરા પ્રાથમિક શાળાના સ્માર્ટ કલાસના ઉપશિક્ષક સોલંકી કહે, એજ્યુકેશનલ મોડ્યુલના કારણે ભણાવવાની પ્રક્રીયા એકદમ સરળ થઈ છે. વિજ્ઞાનના પ્રયોગો એકદમ સહજતાથી સમજાવી શકાય છે. દ્રષ્યશ્રાવ્ય માધ્યમ હોવાથી બાળકો પણ એકદમ ઉત્સાહથી અભ્યાસ કરે છે. મોટા હબીપુરા પ્રાથમિક શાળામાં કુલ ૧૮૬ બાળકો અભ્યાસ કરે છે. તેમાં ધોરણ સાત અને આઠના કુલ ૫૪ વિદ્યાર્થીને સ્માર્ટ કલાસમાં ભણાવવામાં આવે છે. જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્માર્ટ કલાસ ફાળવવામાં આવતા ૧૦ વિદ્યાર્થી આ સરકારી શાળામાં ફરી ભણવા માટે દાખલ થયા છે. ગામના ખેડૂત હર્ષદભાઈ મોહનભાઈ પટેલે પોતાની પુત્રીને ફરી સરકારી શાળામાં દાખલ કરી તે કહે છે, આ શાળામાં અભ્યાસ કરવાથી મારી દીકરીની બૌદ્ધિક ક્ષમતા વધવાની સાથે ઘરે લેશન પણ રૂચિ સાથે કરે છે. અભ્યાસમાં તેમનો રસ વધ્યો છે.જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અર્ચનાબહેન ચૌધરી કહે છે, અમે એક સર્વે કરાવ્યો હતો. આ સર્વેમાં જ્ઞાનકુંજ ધરાવતી ૧૪૦ શાળાઓના ૫૭૭૮ છાત્રોને આવરી લેવામાં આવ્યા હતા. જ્ઞાનકુંજ વર્ગમાં અભ્યાસ નહોતા કરતા એવા વર્ષ ૨૦૧૯-૨૦૨૨મિયાન ધોરણ ૬ના ઉક્ત ૫૭૭૮ વિદ્યાર્થીઓમાંથી ૪૦ ટકા નીચે પરિણામ હોય એવા વિદ્યાર્થીઓની સંખ્યા ૯૮૨ હતી. આ ટકાવારી ૧૭ ટકા જેટલી થવા જાય છે. જ્યારે, ૬૯ ટકા એટલે કે ૪૦૦૭ વિદ્યાર્થીઓનું વાર્ષિક પરિણામ ૪૦ થી ૭૯ ટકા જેટલું હતું. એજપ્રમાણેવાર્ષિક પરિણામમાં ૮૦ ટકાથી વધુ ગુણાંક ધરાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૭૫૦ (૧૨ ટકા) હતી. હવે આ જ વિદ્યાર્થીઓ જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨માં ધોરણ ૮માં જ્ઞાનકુંજ વર્ગમાં અભ્યાસ કર્યો અને તે બાદ લેવાયેલી વાર્ષિક પરીક્ષામાં તેના ગુણાંકમાં વધારો નોંધાયો છે. આ વર્ષમાં કુલ ૫૮૫૩ વિદ્યાર્થીઓ નોંધાયા હતા. જ્ઞાનકુંજમાં અભ્યાસ કર્યા બાદ અભ્યાસમાં ૪૦ ટકા મેળવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ઘટીને ૧૨ ટકા થઈ ગઈ છે. ૪૦ થી ૮૦ ટકા ધરાવનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૬૯ ટકા થઈ છે. જ્યારે, વાર્ષિક પરિણામમાં ૮૦ ટકાથી વધુ મેળનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૬ ટકાના વધારા સાથે ૧૮ ટકા નોંધાઈ છે. આમ, એકંદરે ઉચ્ચ ગુણાંક મેળનારા વિદ્યાર્થીઓની સંખ્યામાં વૃદ્ધિ થઈ રહી છે.

# ઉમરેઠતાલુકા માંપ્રજા ના દ્વારે અંતર્ગત આઠમાં તબક્કા નો સેવા સેતુકાર્યક્રમ યોજાયો.

કમલમ્ ન્યુઝ,બીના પટેલ

આણંદ જિલ્લા માં ૩ સપ્ટેમ્બર ના રોજ ઉમરેઠ તાલુકાના પ્રતાપપુરા ગામે "ગુજરાત રાજ્ય સરકાર પ્રજાના દ્વારે" અંતર્ગત આઠમાં તબક્કાનો" સેવા સેતુ "કાર્યક્રમ યોજાયો. આ કાર્યક્રમમાં પૂર્વ રાજ્ય સભાના સાંસદ લાલસિંહજી વડોદિયા, ઉમરેઠ તાલુકા પંચાયત પ્રમુખ રંજનબેન પરમાર, ઉમરેઠ તાલુકા ભાજપ પ્રમુખ વિમલભાઈ પટેલ, ધારાસભ્ય શ્રીના સુપુત્ર હર્ષદભાઈ પરમાર, જિલ્લા પંચાયત સભ્ય પ્રદ્યુમનસિંહજી ચૌહાણ, ઉમરેઠ તાલુકા પંચાયત ઉપપ્રમુખ સોમાભાઈ ભોઈ, ઉમરેઠ તાલુકા પંચાયત કારોબારી અધ્યક્ષ દીપિકાબેન પટેલ, ન્યાય સમિતિના ચેરમેન વિષ્ણુભાઈ વસાવા, તાલુકા ભાજપ મહામંત્રી સુભાષભાઈ પરમાર, સરપંચ શ્રી પ્રતાપપુરા, ઉપસરપંચ શ્રી પ્રતાપપુરા, મામલતદાર શ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, સર્વે અધિકારીગણ અને કલસ્ટર સમાવિષ્ટ ગામોના લાભાર્થીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# વડોદરાની મુલાકાતે આવેલા કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી શ્રી દેવુસિંહ ચૌહાણે ઈકો ફ્રેન્ડલી ગણેશ પંડાલની મુલાકાત લીધી

કમલમ્ ન્યુઝ,

વડોદરાની મુલાકાતે કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણ આવ્યા હતા.તેમણે શહેરના જાણીતા ઈન્દ્રપ્રસ્થ યુવક મંડળ દ્વારા સ્થાપવામાં આવેલા શ્રીજીના દર્શન કર્યા હતાં. ઉપરાંત ઈન્દ્રપ્રસ્થ દ્વારા થતા લોકહિત સમર્પિત કાર્યો તેમજ ઈન્દ્રપ્રસ્થના રસોડાની મુલાકાત

લીધી હતી. કેન્દ્રીય સંચાર રાજ્ય મંત્રી દેવુસિંહ ચૌહાણે ઈકો ફ્રેન્ડલી ગણેશ પંડાલની મુલાકાત લીધી હતી. તેમની સાથે વડોદરાના સાંસદ રંજનબેન ભટ્ટ પણ જોડાયા હતા.વડોદરા શહેરમાં કોરોના કાળમાં ઘરે ક્વોરેન્ટાઈન રહેતા દર્દીઓ માટે મફત જમવાનું પહોંચાડવાની ભગીરથ સેવા કરનાર ઈન્દ્રપ્રસ્થ યુવક મંડળના એનકવિધ સેવાકીય કાર્યોની ઝાંખી મેળવી હતી.તેમજ પર્યાવરણ ની જાળવણી માટે પણ વર્ષોથી ગણેશ વિસર્જન માટે પણ કૃત્રિમ કુંડમાં કરતા વિસર્જન નિહાળ્યું હતું. ઈન્દ્રપ્રસ્થ યુવક મંડળ દ્વારા બાળકોની ચિત્રકૃપર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જ્યાં મોટી સંખ્યામાં આસપાસની સોસાયટી અને શાળાના બાળકોએ ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો. તેમનો ઉત્સાહ વધાર્યો હતો.

# ભરૂચ ભાજપ ડોક્ટર સેલ દ્વારા ક્રસડ ધરડાધરમાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો,૧૫૦ વડીલોના સ્વાસ્થ્યની તપાસ અને નિદાન કરાયું.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ કસક સ્થિત વડીલોના ઘર ખાતે ભાજપ ડોક્ટર સેલ દ્વારા આયોજિત મેડિકલ કેમ્પમાં ૧૫૦ થી વધુ વડીલોના સ્વાસ્થ્યની તપાસ અને નિદાન કરાયું હતું. ભરૂચ જિલ્લા ભારતીય જનતા પાર્ટીના ડોક્ટર સેલ દ્વારા લોકોના આરોગ્યના લાભાર્થે આજે રવિવારે નિ:શુલ્ક નિદાન અને સારવાર અર્થે મેડિકલ કેમ્પ યોજાયો હતો. કસક ધરડા ઘર ખાતે તમામ સ્પેશ્યલિસ્ટ તબીબો દ્વારા ૧૫૦ થી વધુ વડીલોના આરોગ્યની તપાસ કરી નિદાન કરાયું હતું. વધુ સારવાર કે ઓપરેશનની જરૂર રહેલા વડીલ દર્દીઓને ડોક્ટર સેલના તબીબોની હોસ્પિટલમાં સારવાર આપવામાં આવનાર છે.

આગામી ૨૫ સપ્ટેમ્બર આદિવાસી વાલિયા તાલુકામાં ભાજપ ડોક્ટર સેલ દ્વારા મેગા મેડિકલ કેમ્પનું આયોજન કરાયું છે. સાથે જ જિલ્લા ભાજપ તમામ ૯ તાલુકાઓમાં ડોક્ટર સેલના સથવારે નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજવા જઈ રહી છે. જેનો લાભ તમામ લોકોને લેવા જિલ્લા ભાજપ અધ્યક્ષ માજુસિંહ અટોદરિયાએ અનુરોધ કર્યો છે.

આજના મેડિકલ કેમ્પમાં ડોક્ટર સેલના પ્રમુખ, આગેવાનો, હોદેદારો સાથે ભાજપ મહામંત્રી નિરલ પટેલ, મંત્રી નિશાંત મોદી, શહેર પ્રમુખ પ્રકાશ પટેલ સહિતના જોડાયા હતા.

# શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ,ભરૂચ દ્વારા વનવાસી વિસ્તારમા નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયા.

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

શ્રી ગુજરાત વનવાસી કલ્યાણ પરિષદ દ્વારા ડેડીયાપાડા અને સાગબારા તાલુકાના માલસામોટ, કંકાલા,રોઝદેવ, કાકર પાડા,કુલ ચાર ગામોમાં નિ:શુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો. વનવાસી સમાજ ની સર્વાંગી ઉન્નતિ માટે ગુજરાતમા ૧૯૭૮થી કાર્યરત સેવા સંસ્થા છે.વનાચલમા રહેતો આપણો સમાજ શિક્ષિત,સ્વસ્થ અને જાગ્રત થઈ વિકાસના માર્ગ પર આગળ વધે તેવા આશયથી પરિષદનુ કાર્ય નિરંતર ચાલી રહ્યું છે. સંસ્થા દ્વારા ગુજરાતમાં ૩૬ થી વધુ તાલુકાઓમા ચિકિત્સા શિબિર, રક્ષાબંધન ઉત્સવ, માસ્ક વિતરણ કરવામાં આવ્યું છે. તેમજ ૧૨ જિલ્લાઓમા ૪ મહાનગર તેજ ૪૩ તાલુકામા વીર શહીદ સૈનિકોને શ્રધ્ધાંજલિ અને સ્વદેશી સંકલ્પના હ૩૬ થી વધુ કાર્યક્રમ કરવામા આવ્યા. આ સેવા કાર્યમા કાર્યરત ડો.કૃણાલી સુથાર, ડો.કિષ્ણા ગઢ્ઢર, ડો.વિશાલ દેસાઈ,ડો. જગદીશ અજમેરી,ડો.મંયક પટેલ, ડો સુનિલ શ્રોત્રિય,ડો,કિરન વ્યાસ,ડો.પ્રવલ અકબરી,ડો.હનિષ પટેલ.ડો.જે કે.સાયણીયા.ડો.અનિકેત મોદી, તેમજ મેડિકલ રિપ્રેઝન્ટેટીવ નરેન્દ્ર પટેલ, અલ્કેશ મોદી, ભાવેશ શાહ, પરેશ પરમાર,વિમલ બારોટ,હરેશ મિસ્ત્રી અને વનવાસી સંસ્થાના કાર્યકર મિત્રો હાજર રહ્યા.

# ભારતીય મુલ્કીસેવા બેડમિન્ટન સ્પર્ધામાં ડાંગનું ગોરવ

અમરનાથ જગતાપ

અખિલ ભારતીય મુલ્કી સેવા બેડમિન્ટન સ્પર્ધા ૨૦૨૨-૨૩મા ગુજરાત સચિવાલય ટીમ પસન્દગી સ્પર્ધા નુ આયોજન તા.૦૧/૦૯/૨૦૨૨ થી ૦૩/૦૯/૨૦૨૨ દરમિયાન સચિવાલય જીમખાના, સેક્ટર -૨૧, ગાંધીનગર ખાતે યોજાઈ. જેમાં ડાંગ જિલ્લાના પ્રજેશ ટંડેલ, અરવિંદ ભોંયે, મહેશ પટેલ, શૈલેષ ગાવિત, રફીક માંજોથી, સુનિલભાઈ, ડો રજનીકાંત, નીતુસીંગ ગોતમ કર્મચારી ઓ એ ભાગ લીધો હતો. જેમાંથી બે ખેલાડીઓ શૈલેષભાઈ ગાવિત અને નીતુસીંગ ગોતમ નુ ગુજરાતની ટીમમાં પસન્દગી થયેલ છે. જેઓ આગામી નેશનલ ગેમમાં ગુજરાતની ટીમનું પ્રતિનિધિત્વ કરશે. આમ તેઓએ સમગ્ર ડાંગ જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

# જિલ્લા આયોજન મંડળની વિવિધ યોજનાઓ હેઠળ મંજૂર થયેલ ડામોની સમીક્ષા માટે નિવાસી અધિક કલેક્ટર શ્રી એન.આર. ધાધલના અધ્યક્ષપણા હેઠળ મળેલી બેઠક

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

વિકાસના કામો વ્યવસ્થિત થાય અને સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા સુચારા આયોજનને અગ્રિમતા આપવી - નિવાસી અધિક કલેક્ટર શ્રી એન. આર. ધાધલના ભરૂચ જિલ્લા આયોજન મંડળની વિવિધ યોજ નાઓ હેઠળ વિકેન્દ્રીત જિલ્લા આયોજન હેઠળ થયેલા કામોની સમિક્ષા અંગે અધિક નિવાસી કલેકટરશ્રી એન.આર.ધાધલના અધ્યક્ષપણા હેઠળ મિટીંગ યોજાઈ હતી. આ બેઠકમાં બે એજન્ડાના આધારે કામોની સમિક્ષા કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં વિકેન્દ્રીત કાર્યક્રમની વિવિધ જોગવાઈ અને એટીવીટી જોગવાઈ હેઠળ બાકી નકશા અને બાકી આયોજનની સમિક્ષા થઈ હતી. તે સાથે ૧૫ ટકા વિવેકાધીન ગ્રાન્ટમાંથી તાલુકા કક્ષાની જોગવાઈ હેઠળ બાકી રહેતા આયોજનની વિગતની સમિક્ષા કરી બાકી આયોજનને અગ્રિમતા આપવા સુચનો કરાયા હતા. અધિક નિવાસી કલેકટર શ્રી એન. આર. ધાધલે જણાવ્યું હતું કે, મંજૂર થયેલા તમામ કામો અને મંજૂર કરવામાં આવનારા નવા વર્ષના આયોજન કરી વહીવટી મંજૂરી મેળવી સમયમર્યાદામાં અને ઝડપથી કામોને અગ્રિમતા આપવું જરૂરી છે. તેમણે વિવિધ ગ્રાન્ટ હેઠળના વિકાસના કામો પ્રજાની સુવિધા માટેના હોઈ તેની અસરકારકતા અને ઉપયોગીતાને ધ્યાને રાખી કામગીરી કરવા જણાવ્યું હતું. વધુમાં, તેમણે વિકાસના કામો વ્યવસ્થિત થાય અને સમય મર્યાદામાં પૂર્ણ થાય તેવા સુચારા આયોજનને અગ્રિમતા આપવા સંબંધિત અધિકારીઓને સુચારુ માર્ગદર્શન અપાયું હતું. બેઠકમાં અધિક નિવાસી કલેકટરશ્રીએ જિલ્લા આયોજન મંડળ અંતર્ગત વિવિધ યોજનાઓ હેઠળ મંજૂર થયેલ કામોની સમીક્ષા કરવામાં આવી હતી. બેઠકમાં જિલ્લા આયોજન અધિકારી સહિત સંબંધિત વિભાગના અમલીકરણ અધિકારીગણ ઉપસ્થિત રહયા હતા.

# ભરૂચ કૉંગ્રેસ મુકત થયું હોવાનું દ્રશ્ય દેખાયું : જિલ્લા ભાજપ

## ભરૂચ શહેર પૂર્વ કૉંગ્રેસ પ્રમુખ વિક્કી શોખી સહિત ૪૦૦ જેટલા આગેવાનો અને કાર્યકરો ભાજપમાં જોડાયા

**- વિધાનસભા નાયબ દંડક , જિલ્લા પ્રમુખ, વાગરા ધારાસભ્ય, મહામંત્રીની હાજરીમાં કેસરિયો પહેરાવી કૉંગ્રેસીઓને ભાજપમાં ભેળવી લેવાયા**

**- ચાર આપ પક્ષના હોદેદારોએ પણ કેસરીયો ધારણ કર્યો, વિધાનસભાની ચૂંટણીમાં ભરૂચ જિલ્લાની પાંચેય બેઠકો BJP જીતશેનો હુંકાર**

કમલમ્ ન્યુઝ,નરેન્દ્ર પટેલ

ભરૂચ શહેર કૉંગ્રેસ પ્રમુખ, ઉપપ્રમુખ, આગેવાનો સહિત ૪૦૦ થી વધુ કાર્યકરોએ આજે વિધિવત ભાજપમાં જોડાય કેસરિયો ધારણ કરતા જિલ્લા ભાજપે ભરૂચ કૉંગ્રેસ મુકત થયું હોવાનું દ્રશ્ય દેખાયું હોવાનું કહી વિધાનસભા ચૂંટણીમાં જિલ્લાની પાંચેય બેઠકો **BJP** જીતશેનો મત વ્યક્ત કર્યો હતો. ભરૂચ જિલ્લા કૉંગ્રેસમાં પ્રદેશકક્ષાએથી હોદેદારોમાં ભારે નારાજગી અને અણગમો જોવા મળી રહ્યો છે. જેને લઈ જિલ્લા કૉંગ્રેસના હોદેદારો અને કાર્યકરો ટપોટપ નારાજગીનામાં ધરી કૉંગ્રેસ પક્ષમાંથી છેડો ફાડી નાખ્યા હતા. તાજેતરમાં જ પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ જગદીશ ઠાકોરથી નારાજ થઈ ભરૂચ શહેર કૉંગ્રેસ પ્રમુખ વિક્કી શોખી, પ્રદેશ કૉંગ્રેસ યુવા હોદેદાર નિકુલ મિસ્ત્રી, વાગરા અને શહેર તેમજ તાલુકાના ૭ હોદેદારોએ રાજીનામાં આપી દીધા હતા. રવિવારે તેઓ સત્તાવાર જાહેરાત મુજબ વિધિવત ભાજપમાં જોડાઈ ગયા હતા.

ભરૂચ ડિસ્ટ્રીક્ટ કો ઓ સહકારી બેંક ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ માજુસિંહ અટોદરિયા, વિધાનસભા નાયબ મુખ્ય દંડક ભરૂચ ધારાસભ્ય દુષ્યંત પટેલ, વાગરા ધારાસભ્ય અરૂણસિંહ રણા, મહામંત્રી નિરલ પટેલ, શહેર પ્રમુખ પ્રકાશ પટેલ, પાલિકા પ્રમુખ અમિત ચાવડા, ધર્મેશ મિસ્ત્રી, નિશાંત મોદી સહિતની ઉપસ્થિતિમાં કૉંગ્રેસના ૪૦૦ જેટલા હોદેદારો અને કાર્યકરો સાથે આમ આદમી પાર્ટીના ૨ હોદેદારોને ભાજપમાં આવકાર આપી કેસરિયો ખેસ પહેરાવાયો હતો. કૉંગ્રેસી આગેવાનો અને કાર્યકરોને આવકારતા વિધાનસભા દંડક દુષ્યંત પટેલે જણાવ્યું હતું કે, ભારતીય જનતા પાર્ટી ભરૂચ જિલ્લામાં આજે કૉંગ્રેસમાંથી મોટી સંખ્યામાં સૌ કાર્યકરો, આગેવાનો જોડાઈ રહ્યા છે. દેશ, ગુજરાત અને ભરૂચના વડાપ્રધાનના વિકાસથી પ્રભાવિત થઈ ભાજપમાં આજે આટલી વિશાળ સંખ્યામાં કૉંગ્રેસી મિત્રો જોડાયા છે. હવે ભાજપ પરિવારમાં કૉંગ્રેસ પક્ષના આ સાથીઓ ભળી ગયા છે. ભાજપ સૌને સાથે લઈ માન આપી ચાલનાર પાર્ટી છે.

ભરૂચ કૉંગ્રેસ મુક્ત થઈ ગયું હોવાનું દ્રશ્ય દેખાય છે. તમામને ભાજપમાં માન સાથે આવકાર છે. વાગરા ધારાસભ્ય અરુણસિંહ રણાએ ૪૦૦ જેટલા આગેવાનો અને કાર્યકરોને ભાજપમાં આવકારતા કહ્યું હતું કે, તમારો યુઝ એન્ડ થ્રો નહિ થાય, આપણે સિદ્ધબ્ધ સૈનિકો છીએ. જિલ્લાની તમામ બેઠકો ભાજપની આવશે તેમા કોઈ બેમત નથી. ભાજપ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં અમિત શાહના સંગઠ નમાં પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલની રાહબરીમાં સર્વ જનજનો વિકાસની નેમ સાથે દેશને દુનિયામાં સર્વોચ્ચ સ્થાન લઈ જવા આગળ વધી રહી છે. હવે તમે તમામ પણ ભાજપની આ વિકાસકૂચમાં જોડાઈ ગયા છો. જિલ્લા ભાજપ પ્રમુખ માજુસિંહ અટોદરિયાએ તમામ કૉંગ્રેસના પૂર્વ હોદેદારો અને કાર્યકરોનું ભાવભીનું સ્વાગત કરી તેમને આવકાર્યા હતા. ભાજપમાં કેસરિયો ખેસ પહેરી દેશ માટે કામ કરવાની ભાવના સાથે જોડાયા છે.

જે માટે સર્વેને વિકાસના પ્રવાહમાં જોડાવા બદલ અભિનંદન પણ પાઠવ્યા હતા. ગુજરાત કૉંગ્રેસ મુક્ત પહેલ ગણાવી તમામને દૂધમાં સાકરની જેમ ભેળવીને મીઠો આવકાર આપ્યો હતો.

વધુમાં તેમને જણાવ્યું હતું કે, સંપૂર્ણ ભરૂચ જિલ્લો કૉંગ્રેસ અને બિટીપી મુકત થઈ રહ્યો છે. વાલિયા, નેત્રંગ અને ઝંબુસરમાં પણ કમળ ખીલી ગયું હોય તેમ દેખાઈ રહ્યું છે. ભરૂચ જીલ્લાની પાંચેય વિધાન સભાની બેઠક બીજેપી જીતશે તેમાં હવે કોઈ બેમત નથી નો અંતે આશાવાદ વ્યક્ત કરાયો હતો. ભરૂચ જિલ્લા ભાજપ સંગઠન દ્વારા તમામને લેવામાં આવ્યા હતા.

# મતદારયાદી સુધારણા ઝુંબેશ અંતર્ગત બારોઈ (મુન્દ્રા) કેન્દ્રની મુલાકાત લેતા નાયબ કલેક્ટર

કમલમ્ ન્યુઝ,મુન્દ્રા,

મતદાર યાદી સુધારણાની ખાસ ઝુંબેશના ત્રીજા રવિવારે બારોઈ (મુન્દ્રા) ગામે જૂની ગ્રામ પંચાયત ખાતેના મતદાર યાદી સુધારણા કેન્દ્રની મુન્દ્રાના મતદાર નાયબ કલેક્ટર (પ્રાંત અધિકારી) ચેતનભાઈ મિસણ અને નાયબ મામલતદાર પુષ્પાબેન એચ. વણક રએ મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન બુથ પરના સ્ટાફ દ્વારા સમગ્ર નોંધણી પ્રક્રિયાનું નિરીક્ષણ કરી ચૂંટણી તંત્રના કર્મીઓને ત્રુટિરહિત મતદારયાદી તૈયાર કરવા અંગે માર્ગદર્શન પૂરું પડ્યું હતું. ઉપરાંત બી. એલ. ઓ.ની સારી કામગીરીને બિરદાવીને ૧૦૦ ટકા લક્ષ્યાંક સિધ્ધ કરવા માટે પ્રોત્સાહિત પણ કર્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨માં મહત્તમ મતદારો પોતાના મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે તા. ૧લી ઓક્ટોબર ૨૦૨૨ના રોજ ૧૮ વર્ષ પૂર્ણ કરનાર મતદારોનો સમાવેશ કરવા અને ત્રુટિરહિત અદ્યતન મતદાર યાદી તૈયાર કરવા માટે ભારતના ચૂંટણી પંચના નિર્દેશ મુજબ મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીની કચેરી દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. મતદાર ઓળખપત્રને આધારકાર્ડ સાથે લિંક કરવા, મતદારયાદીમાં હાલ નોંધાયેલી વિગતોમાં ફેરફાર કરાવવા, સુધારા વિના જૂનાને બદલે નવું મતદાર ઓળખ કાર્ડ મેળવવા વિગેરે કામગીરી માટે મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ ૧૨મી ઓગષ્ટથી શરૂ કરવામાં આવ્યો છે. જે કામગીરી માટે ચાર રવિવારે ખાસ ઝુંબેશ હાથ ધરવામાં આવેલ છે. આ ઝુંબેશનો આવતા રવિવારે ૧૧ સપ્ટેમ્બર ના રોજ છેલ્લો દિવસ છે. જેમાં મળેલ અરજીઓનો તા. ૨૬/૦૯/૨૦૨૨ સુધીમાં ચૂંટણી તંત્ર દ્વારા યોગ્ય નિકાલ કરવામાં આવશે અને તા. ૧૦/૧૦/૨૦૨૨ના રોજ મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે. પુખ્તવયના નાગરિકોને પોતાનું તેમજ સ્વજનનું નામ જો મતદાર યાદીમા નોંધાવવાનું બાકી હોય તો સત્વરે નોંધાવવા તથા મતદાર યાદીમાં કોઈ વિગતોનો સુધારો - વધારો કરવાનો હોય તો તે માટે મતદારો પોતાના બી. એલ. ઓ.નો મતદાર ઓળખપત્ર સુધારણા કેન્દ્ર ખાતે રૂબરૂ સંપર્ક કરી શકશે. માત્ર એટલું જ નહીં પણ ભારતીય ચૂંટણી પંચના વિવિધ ઓનલાઈન માધ્યમો દ્વારા ઘર બેઠા પણ મતદાર તરીકે નોંધણી, સુધારા - વધારા તથા નામ કમી કરાવી શકશે. વધુ જાણકારી માટે ટોલ ફ્રી નંબર ૧૯૫૦ પરથી પણ માર્ગદર્શન મેળવી શકાશે એવી માહિતી આપવામાં આવી હતી.

• Printer/Publisher/Owner &Editor : Mahesh N. Patel. • Printed At :-CaptialOffset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 • Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028